# ટ્રાફીક પોલીસે રાખેલી ડ્રાઈવમાં ૯૨૩ વાહનચાલકો દંડાયા

## ઘ-૦ સર્કલ અને ઈન્દ્રોડા સર્કલે ટ્રાફીક ડ્રાઈવ : ૫૭ હજારનો દંડ વસુલાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા શહેરના પ્રવેશ દ્વાર ઈન્દ્રોડા સર્કલ અને ઘ-૦ સર્કલ ખાતે ટ્રાફીક ડ્રાઈવ રાખી હતી. જેમાં ટ્રાફીકના નિયમોને નેવે મુકીને વાહન ચલાવતા વાહનચાલકો પાસેથી દંડ વસુલાત કરવામાં આવી હતી. આ બે સ્થળે રખાયેલી ડ્રાઈવમાં ૯૨૩ વાહનચાલકોને પોલીસે મેમો આપી કુલ ૫૩,૦૭૫ રૂપિયાનો દંડ વસુલવામાં આવ્યો હતો.

ઈન્દ્રોડા સર્કલ ખાતે બે દિવસ પહેલા અને આજે ઘ-૦ સર્કલ પાસે જિલ્લા ટ્રાફીક પોલીસે ટ્રાફીકના નિયમોનો ભંગ થતો અટકાવવા ડ્રાઈવ રાખી હતી. જે બંને ડ્રાઈવ દરમિયાન ટ્રાફીક પોલીસે ૨૧ વાહનો ડીટેઈન કર્યા હતા તે ઉપરાંત ૭૦૭ બાઈક ચાલકો હેલમેટ વગર વાહન ચલાવતા અને ૧૫૪ કાર ચાલકો સીટ બેલ્ટ લગાડયા વિના ફરતાં પોલીસના હાથે ઝડપાયાં હતાં. ૩૧ ગાડીઓમાંથી ડાર્ક ફિલ્મ પટ્ટી કાઢીને તેમને દંડ ફટકારી દંડની રકમ વસુલવામાં આવી હતી તે ઉપરાંત અન્ય ટ્રાફીકના ગુનામાં ૩૩ વાહનચાલકોને મેમો આપીને તેમની પાસેથી રૂ. ૫૭,૦૭૫ દંડ વસુલવામાં આવ્યો હોવાનું ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતે જણાવ્યું છે.

# સે-૨૪માં આરંભાયેલ સ્ટેટ બેંકમાં અપુરતા સ્ટાફથી ભારે હાલાકી

## રોજ લાંબી લાઈનોના કારણે નાગરિકોનો સમય વેડફાય છે

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૮ ચોવીસ ચોકડી ખાતે થોડાક સમય પહેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખાનો શુભારંભ મોટા ઉપાડે કરવામાં આવ્યો છે ત્યારે બેંકમાં અપૂરતા સ્ટાફના કારણે સિનિયર સિટીજનો અને નાગરિકોને પારાવાર મુશ્કેલીઓ ભોગવવી પડે છે. નગરજનોએ માંગ કરી છેકે બેંકમાં પૂરતો સ્ટાફ મુકવામાં આવે જેથી સામાન્ય જનતાનો સમય વેડફાય નહિ.

ગાંધીનગર શહેર પાટનગર હોવાના નાતે નગરજનોને પુરતી સુવિધા મળી રહે તે માટે તંત્ર હંમેશા ખડે પગે હોય છે. પરંતુ હમણાં જ થોડા સમય પહેલા શહેરનાં સે-૨૮માં અને ચોવીસ ચોકડીની પાસે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં વિપરીત પરિસ્થિતિ ઉભી થવા પામી છે. બેંકમાં અપૂરતા સ્ટાફને કારણે નાગરિકોને કલાકો સુધી લાઈનમાં ઉભું રહેવું પડે છે.

બેંકનો શુભારંભ કરવામાં આવ્યો ત્યારે સે-૨૩, ૨૪, ૨૬-૨૭ અને ૨૮ના નાગરિકોએ હર્ષની લાગણી અનુભવી હતી અને હવે એસબીઆઈ બેંક માટે સે-૧૦ ખાતે નહિ આવવું પડે તેવું માનતા હતા પરંતુ આ સુવિધા દુવિધામાં ફેરવાઈ જવા પામી છે. બેંકમાં જાહેરજનતા માટે ૪ કાઉન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. જયારે હાલમાં ફકત બે જ કાઉન્ટર કાર્યરત છે.

જેમાં એક કાઉન્ટર પર નવા એકાઉન્ટ ખોલવાનું કામ ચાલે છે અને નંબર ૨ પર રૂપિયાની લેવડ દેવડથી લઈને ઉમેવાદરોની ફીની પ્રક્રિયા પણ એક જ કાઉન્ટર પર થઈ રહી છે. જેનાથી નોકરી વાંચ્છુ ઉમેદવારોનો સમય વેડફાય છે અને સિનિયર સિટિજનોનો સમય પણ બરબાદ થાય છે. અહીંયા કામ અર્થે આવતા સિનિયર સિટિજનોએ એવી માગણી કરી છે કે એમના માટે અલગ કાઉન્ટરની વ્યવસ્થા કરવામાં આવે.

બેંકના કર્મચારીને પુછવામાં આવે છે કે અહીંયા કર્મચારી કેમ નથી મુકતા ત્યારે તેઓ નિસાસા નાંખીને કહેતા હોય છે કે અમારી પાસે પુરતો સ્ટાફ નથી જો પુરતો સ્ટાફ મુકવામાં આવે તો અમારા પરથી પણ કામનું ભારણ ઓછું થાય. નગરના એક સિનિયર સિટીજને જણાવ્યું છે કે અહીંયા દરરોજ લાંબી લાંબી કતારો જ લાગેલી હોય છે.

બેંક દ્વારા જરુરી પગલા ભરી નાગરિકોની પરેશાનીનો ઝડપથી ઉકેલ લાવે અને બેંકમાં સ્ટાફની નિમણુંક કરે જેનાથી અહિંયા લેવડ દેવડ માટે આવતા રોજીંદા નાગરિકોને લાંબી લાઈનોમાં ઉભા રહેવું ના પડે.

# રૂપાલ ગામની મહિલા સાથે શાબ્દિક છેડતી થતા ફરીયાદ

## ગામના યુવાન શખ્સે સસ્તા અનાજની દુકાનથી ઘરે જતી મહિલા સાથે ગાળાગાળી કરી જાતિ વિરૂદ્ધ અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક રૂપાલ ગામમાં સસ્તા અનાજના દુકાનેથી ચાલતા ઘરે જઈ રહેલી મહિલાને ગામના જ એક શખ્સે શાબ્દીક છેડતી કરીને ગાળાગાળી કરી જાતિ વિરૂદ્ધ અપમાનજનક શબ્દો ઉચ્ચારતા મહિલાએ પેથાપુર પોલીસમથકે એટ્રોસીટીની ફરીયાદ નોંધાવી છે જેની તપાસ એમ.સી., એસ.ટી. સેલના ડીવાયએસપીએ શરૂ કરી છે.

રૂપાલ ગામમાં રહેલી એક મહિલા સરોજબેન (નામ બદલેલ છે) સસ્તા અનાજની દુકાનેથી ઘરે ચાલતા જઈ રહ્યા હતા તે દરમ્યાન ગામના જ એક શખ્સ વિક્રમ સરદાર ઠાકોર તુ કયા જઈ આવી ? કહીને ખુબ જ બિભત્સ શબ્દ પ્રયોગ કરીને શાબ્દિક છેડતી કરી હતી. ત્યારબાદ મહિલા સાથે ગાળાગાળી કરીને જાતિ વિરૂદ્ધ અપમાનજનક શબ્દો બોલ્યા હતા. મહિલાએ પેથાપુર પોલીસમથકમાં વિક્રમ સામે ફરીયાદ આપતા પેથાપુર પોલીસે એટ્રોસીટીનો ગુનો નોંધ્યો છે. આ બનાવની વધુ તપાસ એસ.સી.એસ.ટી. સેલના ડીવાયએસપી ચલાવી રહ્યા છે.



ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા અને ડભોડા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય શાખા દ્વારા મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે મોતીના શિવલીંગ દર્શનનો કાર્યક્રમ બ્રહ્માકુમારીઝ-જગદંબા ભવન ચિલોડા ખાતે યોજાયો હતો. આ ઉપરાંત ડભોડિયા હનુમાન મંદિર ખાતે શનિવારના રોજ શિવલીંગ દર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સાથે વ્યસન મુકિત પ્રદર્શનનું આયોજન કર્યું હતું. જેમાં હજારો ભાવિકોએ શિવલીંગ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે હનુમાન મંદિર ટ્રસ્ટી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સ્વ. બદરીપ્રસાદ ભટ્ટના લેખો સંચયિત પુસ્તક 'ચંક્રમણ'નું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની સરકારી વિનયન કોલેજમાં બેંકિંગના પ્રાધ્યાપક રહી ચુકેલા તેમજ અર્થશાસ્ત્ર અને આર્થિક વિચારોના ઈતિહાસને લગતા વિદ્યાર્થીભોગ્ય પુસ્તકો લખવામાં મહત્વનું યોગદાન આપી જનારા સ્વ. બદરીપ્રસાદ ભટ્ટના લેખોના સંચયરૂપી પુસ્તક 'ચંક્રમણ'નું આજે વિમોચન કરાયું હતું. આ પુસ્તકનું સંપાદન ડંકેશ ઓઝા દ્વારા કરવામાં આવ્યું છે.



પ્રાધ્યાપક સ્વ. બદરીપ્રસાદ માણેકલાલ ભટ્ટ લિખિત લેખોનો સંચય કરેલ પુસ્તક 'ચંક્રમણ'નું વિમોચન સેકટર-૨૩માં આવેલ નિસર્ગ સાયન્સ કોમ્યુનીટી સેન્ટર ખાતે સાંજે ૫.૦૦ વાગે કરાયું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા અને અતિથિ વિશેષ પદે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર કવિ હર્ષદ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

સ્વ. બદરીપ્રસાદ ભટ્ટનો જન્મ ઈ.સ. ૧૯૩૦માં થયો હતો. અને તેમણે ૧૯૫૦માં મુંબઈ યુનિવર્સિટીની સ્નાતકની ઉપાધિ દ્વિતીય વર્ગ સાથે મેળવી હતી. તેમણે અર્થશાસ્ત્રના વિષય સાથે એમ.એ.નો અભ્યાસ મુંબઈ સ્કૂલ ઓફ ઈકોનોમિકસમાં કર્યો હતો. સ્વ. બદરીપ્રસાદ ભટ્ટે ૧૯૭૦થી ૧૯૮૧ દરમ્યાન ગાંધીનગરની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં બેંકિંગ વિષયના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. તેમણે અર્થશાસ્ત્ર, નાણાંકીય અર્થશાસ્ત્ર અને આર્થિક વિચારોના ઈતિહાસને લગતા વિદ્યાર્થીભોગ્ય પુસ્તકો સહલેખકો સાથે લખ્યા હતા. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત કરાયેલ ભારતની આર્થિક સમસ્યાઓના ભાગ-૨ના તેઓ લેખક હતા. આ ઉપરાંત તેમણે અનેક પુસ્તકોના અનુવાદ કર્યા હતા.

# સે. ૮માં પાણીની લાઈનમાં લીકેજ થતાં ચર્ચ વિસ્તારમાં પાણી ફરી વળ્યુ

ગાંધીનગર, તા. ૬

સે. ૮માં સેન્ટ ઝેવિયર્સ શાળા પાસેથી પસાર થતી પાણીની લાઈનમાં આજે સવારે લીકેજ સર્જાતા સ્કૂલની કમ્પાઉન્ડથી લઈ ચર્ચ વિસ્તારમાં પાણી પાણી થઈ ગયું હતું. પાણીની લાઈનમાં લીકેજીસ અંગે જાણ થતા જ તંત્રની ટીમ કામે લાગી હતી.

શહેરના સેકટરોમાં પાણી ફોર્સથી પુરૂ પાડવા ગત વર્ષ અગાઉ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી છે, જ્યારે કરોડોના ખર્ચે પાણી વિતરણની નવી વ્યવસ્થા ગોઠવાયા બાદ સેકટરવાસીઓને સપ્લાય થતા પાણીનો ફોર્સ પણ વધ્યો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે જ્યારે બીજીતરફ પાણીની લાઈનમાં સમયાંતરે લીકેજીસની સમસ્યા ઉદ્ભવતા આસપાસના વિસ્તારમાં પાણી-પાણી થઈ જતુ હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. થોડા સમય અગાઉ ગ-૨ પાસે પણ પાણીની લાઈનમાં લીકેજ થતા સર્કલ આસપાસ પાણીનો ભરાવો થયો હતો. ચ-૩ પાસે પણ અગાઉ પાણીની લાઈનમાં લીકેજ થતા તંત્ર માટે શીરદર્દ ઉભો થયો હતો. આ મામલે ક્યારેક વધારે પ્રેશરના કારણે પણ લીકેજ સર્જાતો હોવાનું મનાય છે. સે. ૮માં પણ આજે સવારે અચાનક જ પાણીની લાઈનમાં લીકેજ સર્જાતા ત્રણ કલાક સુધી પાણી વહી ગયું હતું. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસેથી પસાર થતી લાઈનમાં લીકેજ થતા શાળાના કમ્પાઉન્ડથી લઈ અન્ય વિસ્તારમાં પાણી પાણી થઈ ગયું હતું. આ મામલે તંત્રને જાણ થતા પાણી વિભાગના અધિકારીઓએ સ્થળ તપાસ કરી લીકેજીસનો તાગ મેળવ્યો હતો. લીકેજીસના લીધે માર્ગ પર પાણી ફરી વળ્યું હતું. સ્થાનિક ઈન્કવાયરીતંત્ર પણ લીકેજીસને ડામવા કામે લાગ્યું હતું.

# સે-૨૮ કલ્પતરૂ પાવરમાંથી ૨૧ કિલો ઝીંક ધાતુની ચોરી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે સ્થિત કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનમાંથી ગઈ કાલે એક શખ્સે ૨૧ કિલો વજનની ઝીંક ધાતુની ચોરી કરી હતી. આ બનાવ અંગે પાવર સ્ટેશનમાં કામ કરતાં એક રાંધેજા ગામના શખ્સ સામે સે-૨૧ પોલીસ મથકમાં ચોરની ફરિયાદ નોંધાવા પામી છે.

કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનનાં ટેકમલરામે સે-૨૧ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ગઈ કાલે સે-૨૮ જીઆઈડીસી ખાતે સ્થિત કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનમાંથી રાંધેજા ગામમાં રહેતા અને પાવરસ્ટેશનમાં જ કામ કરતા એક શખ્સ નરેશજી ગોપાલજી પઢારે પાવર સ્ટેશનમાંથી રૂ. ૩,૧૫૦ની કિંમતની ૨૧ કીલો વજનની ઝીંક ધાતુની ચોરી કરી લીધી છે. જેને આધારે સે-૨૧ પોલીસે નરેશજી પઢાર સામે ચોરીનો ગુનો દાખલ કરીને પીએસઆઈ વી.પી. સોલંકીએ ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

# હથિયાર ધારકો તેમના લાયસન્સની વિગતો ૧૫ માર્ચ સુધીમાં આપે

ભારત સરકારના ગૃહ મંત્રાલય, નવી દિલ્હીની સ્થાયી સૂચના અનુસાર સ્વરક્ષણ સ્પોર્ટ અને ડીસ્પ્લેના હેતુ માટેના હથિયાર પરવાનાની ઓનલાઈન ડેટા એન્ટ્રા 'નેશનલ ડેટાબેઝ ઓફ આર્મ્સ લાઈસન્સીઝ' નામના સોફટવેરમાં કરવાની હોવાથી તથા પાક રક્ષણનો પરવાનો ધરાવતા પરવાનેદારોએ તેઓને લાગુ પડતી પ્રાંત કચેરીમાં તથા સ્વરક્ષણ, સ્પોર્ટ અને ડીસ્પ્લેના પરવાનો ધરાવતા ગાંધીનગર જિલ્લાના તમામ પરવાનેદારશ્રીઓએ ચિટનીશ શાખા, કલેક્ટર કચેરી, ગાંધીનગર અને પાક રક્ષણના પરવાના માટે પ્રાંત કચેરી, ગાંધીનગર અને કલોલ ખાતે નિયત ફોર્મમાં વિગતો તથા હથિયાર પરવાનાની ઝેરોક્ષ પ્રમાણિત નકલ સાથે રૂબરૂ આવી કચેરી સમય દરમ્યાન નિયત નમૂનાના ચેકલીસ્ટ મુજબની વિગતો ક્રમવાઈઝ યોગ્ય રીતે ભરી ૧૫-૩-૧૪ સુધીમાં બિનચૂક રજૂ કરવા તથા જે પરવાનાઓ રીન્યુ કરાવેલ ન હોઈ તેઓએ પણ પરવાનો ૧૫-૩-૧૪ સુધીમાં રીન્યુ કરાવી લેવા જાહેર સૂચના આપવામાં આવે છે.

# સચિવાલય સેકશન અધિકારી એસોસીએશનનું સ્નેહમિલન યોજાયો

ધી ગુજરાત સચિવાલય સેકશન અધિકારી એસોસીએશનનું ધોળેશ્વર મહાદેવ ખાતે સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. ઉપ્રમુખ હસમુખભાઈ પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું.

મહામંત્રી નરેન્દ્ર બ્રહ્મભટ્ટ દ્વારા એસોસીએશનની કાર્યવાહીની જાણ કરેલ હતી. પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા દ્વારા આગામી કાર્યક્રમો વિશે માહિતગાર કરેલ હતા. સચિવાલયના આયુર્વેદિક ડૉકટર ભટ્ટ દ્વારા સ્વાસ્થ્ય તથા આયુર્વેદિક વિશે માહિતી આપી હતી. સચિવાલય સ્ટાફ એસોસીએશનના પ્રમુખ ભવાનસિંહ પરમાર તથા ભૂતપૂર્વ મહામંત્રી યોગેન સેવક હાજર રહ્યા હતા. ઘમાસણ વિજય હનુમાન આશ્રમના ગાદીપતિ પૂ. દંડી સ્વામીએ પ્રમાણિકતાને કર્તવ્ય નિષ્ઠા બાબતે આશીર્વાદ આપ્યા હતા. સભાનું સંચાલન ગગુભા રાજ દ્વારા કરવામાં આવ્યું હતું. ચૈતન્ય નિમાવત ઉપપ્રમુખે આભાર વિધિ કરી હતી.



મહાત્મા મંદિર જાણે નગરની એક ચર્ચાસ્પદ જગ્યા હોય તેવું ભાસે છે. ગંદકી-પ્લાસ્ટિક-કચરા ઢગ. દીવાલો પર ભિન્ન ભિન્ન પ્રકારનાં લખાણો અને બેફામ રીતે બેસતાં યુવાન હૈયાઓ જેને કારણે નાનાં બાળકો કે પરિવારજનોને કાયમી શરમથી માથું ઝુકાવીને અહીંથી પસાર થવું પડે છે. જયારે સરકારી કાર્યક્રમો હોય ત્યારે બધું બરાબર અને બાકીનાં દિવસોમાં કોઈ સુરક્ષા નથી કે કોઈ ટોકનાર નથી ! (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૯
સૂર્યાસ્ત : ૬.૪૩

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૩ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦
રાઈસ ઑફ એન એમ્પાયર : ૬.૧૦, ૮.૩૦, ૧૦.૫૦
: સ્કીન-૨ :
શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦,૩.૧૦, ૬.૪૦, ૯.૪૦
: સ્કીન-૩ :
હાઈવે : ૧૦.૫૫, ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦
ગુન્ડે : ૪.૨૫
: સ્કીન-૪ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦
: સ્કીન-૨ :
ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦,૧૦.૦૦
ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦
: સ્કીન-૩ :
રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ગુન્ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫
રાઈસ ઑફ એન એમ્પાર : ૬.૩૦, ૯.૩૦
: સ્કીન-૩ :
અનુરાધા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦
ગુન્ડે : ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. તારાબેન રતીલાલ જયસ્વાલ(ઉ.વ. ૯૨) પ્લોટ નં. ૬૭૧/૧, ચંદ્રોદય સોસાયટી, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. શકરીબેન જયંતિલાલ પંચાલ(ઉ.વ. ૭૮) મુ.પો. શિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચંદ્રેશસિંહ લાલાસિંહ મકવાણા(ઉ.વ. ૧૯) મુ. આદિવાડા, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. રતુજી ભેમાજી ઠાકોર(ઉ.વ. ૩૦) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રશીલાબેન કાનાજી ઠાકોર(ઉ.વ. ૩૦) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રકાશભાઈ ચંદુભાઈ વાળંદ(ઉ.વ. ૪૦) પ્લોટ નં. ૮૫૦/૨, સેકટર-૫/સી, ગાંધીનગર.